ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં ગાજ્યા મેહ વરસ્યા નહી

## મેઘરાજાના મંદ મિજાજ સામે આમ નાગરિકો અને ખેડુતોમાં પણ નારાજગી : આકાશમાં ગોરંભાતા કાળા ડીબાંગ વાદળો અને ગાજવીજના જોર સાથે વરસાદી સાંજનો નિખાર પણ મેઘરાજાનો મંદ મિજાજ યથાવત



ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી મેઘરાજા રોજબરોજ હાથતાળી આપી અદ્રશ્ય થઈ જાય છે. આકાશમાં ગોરંભાતા વરસાદી વાદળો વિજચમકારા વચ્ચે મલકાતા મેઘરાજા હેત વરસાવાનુ ચુકી જાય છે. છેલ્લા બે દિવસથી ગાજયા મેઘ વરસતા નથી. અષાઢના આગમન ટાંણે નભમાં નિખરતા અંબર ગાજે છે. પરંતુ વરસાદ હાઉકલી કરી પાછો વળી જાય છે. જેના લીધે વરસાદની આશ લગાવી બેઠેલા નગરજનોમાં પણ નારાજગી વ્યાપી છે. ખેડુતો પણ મેઘરાજાને વધાવવા માટે નભ તરફ મીટ માંડીને બેઠા છે.

શહેરમાં ઉનાળાની આકરી ગરમી બાદ હજુ ચોમાસાનો માહોલ જામ્યો નથી. જેના લીધે નગરજનો વરસાદી વાયરા વચ્ચે પણ બફારો અનુભવી રહયા છે. છેલ્લા એક સપ્તાહથી વરસાદી વાદળોના ઘેરાવા વચ્ચે મેઘરાજા મનમુકીને વરસવાનુ ચુકી જાય છે. રોજબરોજ આકાશમાં ઘેરાતા કાળાડીબાંગ વાદળો માત્ર છાંટણા વરસાવી વિદાય લઈ લેતા વરસાદની આશ ઠગારી નિવડે છે. રોજબરોજ માટી ભીની કરી જતા મેઘરાજા જાણે ગાંધીનગરથી રીસાયા હોય તેવી સ્થિતિ છે. રોજબરોજ નભમાં નિખરતા વરસાદી વાદળો અને આકાશમાં થતા વિજચમકારા અને વાદળ

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના ૨૧ ઉચ્ચ સનદી અધિકારીઓની બદલી

ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકારે આજે ૨૧ જેટલા ઉચ્ચ સનદી અધિકારીઓની બદલીના હુકમો સાથે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.એસ. ડાગુરને બે વર્ષ માટે જી.એન.એફ.સી.ના મેને. ડિરેક્ટર તરીકે નિમણુંક આપી છે.

આજે કરાયેલ આ હુકમમાં અમદાવાદના નવા કમિશ્નર તરીકે વિજય નેહરાને મુકવામાં આવ્યા છે જ્યારે વડોદરાના મ્યુનિ. કમિશ્નર તરીકે અજય ભાદુને મુકવામાં આવ્યા છે. રાજ્યના નવા ગૃહ સચિવ એ.એમ. તિવારીની નિમણુંક કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગનો સંપૂર્ણ હવાલો સુશ્રી અંજુ શર્માને સોંપવામાં આવ્યો છે. વડોદરાના મ્યુનિ. કમિશ્નર વિનોદ રાવને કૃષિ-પશુપાલન વિભાગમાં તો મ્યુનિ. કમિશ્નર અમદાવાદને શિક્ષણ વિભાગમાં પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણનો હવાલો સોંપવામાં આવ્યો છે.

| અધિકારીનું નામ | હાલની જગ્યા | નવી જગ્યા |
|---|---|---|
| ડૉ. ટી. નટરાજન | સંયુક્ત મેને. ડિરેક્ટર જીએસપીસી | મેને. ડિરેક્ટર જીએસપીસી |
| અરવિંદ અગ્રવાલ | અધિક મુખ્ય સચિવ વન અને પર્યાવરણ | અધિક મુખ્ય સચિવ નાણાં વિભાગ |
| એમ.એસ. ડાગુર | અધિક મુખ્ય સચિવ ગૃહ | મેને. ડિરેક્ટર જી.એન.એફ.સી., ભરૂચ |
| સુજીત ગુલાંટી | અધિક મુખ્ય સચિવ ઊર્જા-પેટ્રોકેમિકલ | મેને. ડિરેક્ટર જી.એસ.એફ.સી. વડોદરા |
| એ.એમ. તિવારી | મેને. ડિરેક્ટર જીએસએફસી, વડોદરા | અધિક મુખ્ય સચિવ ગૃહ |
| શ્રીમતિ સંગીતાસિંહ | અધિક મુખ્ય સચિવ નાગરિક પુરવઠા | અધિક મુખ્ય સચિવ સા.વ. વિભાગ |
| ડૉ. રાજીવકુમાર ગુપ્તા | અધિક મુખ્ય સચિવ શ્રમ અને રોજગાર | અધિક મુખ્ય સચિવ વન-પર્યાવરણ વિભાગ |
| રાજગોપાલ | અગ્રસચિવ પંચાયત વિભાગ | અગ્ર સચિવ ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ |
| વિપુલ મિત્રા | અધિક મુખ્ય સચિવ બંદર-વાહન-વ્યવહાર | અધિક મુખ્ય સચિવ શ્રમ અને રોજગાર |
| એ.કે. રાકેશ | કમિશ્નર કોટેજ ઈન્ડસ્ટ્રીઝ | અગ્ર સચિવ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ |
| સુશ્રી સુનયના તોમર | અગ્ર સચિવ શિક્ષણ | અગ્ર સચિવ બંદર-વાહન-વ્યવહાર વિભાગ |
| સંદીપકુમાર | - | કમિશ્નર કોટેડ ઈન્ડસ્ટ્રીઝ |
| વિનોદ રાવ | મ્યુનિ. કમિશ્નર વડોદરા | સચિવ કૃષિ-સહકાર વિભાગ |
| મનોજ અગ્રવાલ | વિકાસ કમિશ્નર ગુજરાત રાજ્ય | અગ્ર સચિવ સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ |
| એન.પી. ઠક્કર | સેટલમેન્ટ કમિશ્નર | વિકાસ કમિશ્નર |
| કમલ દયાણી | અગ્ર સચિવ સામાજિક ન્યાય અધિકારીતા | અગ્ર સચિવ નાગરિક પુરવઠા વિભાગ |
| લોચન શહેરા | સચિવ અર્બન હાઉસીંગ-નિર્મલ ગુજરાત | સચિવ અર્બન હાઉસીંગ-સભ્ય ગુ.હા.બોર્ડ |

● અનુસંધાન પાન-૭ પર

# ગુણોત્સવ-૮ના પરિણામમાં ભારે ઉલટફેર જોવા મળી

## ગાંધીનગર તાલુકાનું સૌથી નબળુ પરિણામ : ગાંધીનગરની બે શાળા એ+ ગ્રેડમાં તો સી અને ડી ગ્રેડ ધરાવતી સૌથી વધુ શાળા પણ ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ-૮ના મૂલ્યાંકનમાં ૧૩૫ શાળાઓના પરિણામોમાં ભારે ઉલટફેર સાથે ડી ગ્રેડની શાળાઓની સંખ્યામાં વધારો થવા પામતાં શિક્ષણ જગતમાં તેના મિશ્ર પ્રત્યાઘાત પડવા પામ્યા છે. ગાંધીનગર તાલુકાના પરિણામે સૌને ચોંકાવી દીધા છે.

ગુણોત્સવ-૮ના જાહેર થયેલ પરિણામમાં એ+ તેમજ એ ગ્રેડ મેળવનાર શાળાઓની સંખ્યામાં ૧૨૪ શાળાઓ વધવા પામી છે જેણે જિલ્લાના ગુણોત્સવના પરિણામમાં ઘણો નોંધનીય સુધારો કર્યો છે.

બી ગ્રેડ મેળવતી શાળામાં ૧૨૭ શાળાનો ઘટાડો થયો છે જ્યારે ડી ગ્રેડ મેળવનારી શાળામાં ૪ શાળાનો વધારો થતાં જિલ્લા શિક્ષણમાં ગુણવત્તા સુધારની અસર ધારી થઈ નથી તેવુ પ્રતિપાદિત થતાં શિક્ષણ જગતમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર તાલુકા માટે આ પરિણામ સૌથી ચિંતાજનક આવ્યુ છે. જેમાં ૨૦૦ શાળાઓ પૈકી માત્ર ૨ શાળા એ+ ગ્રેડમાં આવી છે જે સમગ્ર જિલ્લામાં સૌથી ઓછી છે. એટલુ જ નહિ સી અને ડી ગ્રેડમાં સૌથી વધુ શાળાઓ જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં જણાઈ છે.

શિક્ષણ જગતમાં થતી ચર્ચાઓ મુજબ આખા રાજ્યમાં ગુણોત્સવનું આયોજન ગાંધીનગરથી થાય અને ગાંધીનગરમાં જ દિવાતળે અંધારા જેવી સ્થિતિ ઉભી થઈ છે.

ગાંધીનગર તાલુકામાં કથળતી જતી પ્રા. શિક્ષણની ગુણવત્તા સામે ફરી પ્રશ્નાર્થ આવ્યો છે.

ગાંધીનગર તાલુકાના આ પરિણામની અસર જિલ્લાના પરિણામમાં પડઘો પામી છે. શિક્ષણ વિભાગના આ અતિ મહત્વાકાંક્ષી મૂલ્યાંકનમાં જે ચોંકાવનારી સ્થિતિ બહાર આવી છે તે ચિંતાજનક અને દુ:ખદ છે.

આ પરિણામની સૌથી મોટી ઉલટફેર દહેગામ

● અનુસંધાન પાન-૭ પર

# જુના સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાનો પ્રોજેકટ તૈયાર

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં મીટર પધ્ધતિથી ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે આખરી આયોજન કરી દેવાયુ છે. આ મામલે એજન્સીએ રીપોર્ટ સુપ્રત કરી દીધો છે. જયારે સરકારના ઉચ્ચ અધિકારીઓ આ અન્વયે બેઠકનો દૌર હાથ ધરી જરૂરી ચર્ચા વિચારણા પણ હાથ ધરી છે. આગામી દિવસોમાં આ પ્રોજેકટ અન્વયે નિર્ણય લઈ કામગીરી હાથ ધરવા પણ ચક્રો ગતિમાન થશે. શહેરમાં પાણીનો ઉપયોગ દેશના અન્ય શહેરો કરતા વિશેષ છે. સમગ્ર દેશમાં ગાંધીનગરાઓ સૌથી વધુ પાણીનો ઉપયોગ કરતા હોવાનુ પણ મનાય છે. અલબત્ત નગરમાં માથાદીઠ પાણીનો વપરાશ વધુ છે. ત્યારે રોજ પાણીનો સપ્લાય પણ પુરતા પ્રમાણમાં કરવામાં આવી રહયો છે. પ્રતિદિન ૫૫ થી ૬૦ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે નર્મદાના પાણી ઉપરાંત બોરના પાણીનો પણ ઉપયોગ કરવામા આવે છે. આમછતા શહેરમાં પાણીના બેફામ થતા બગાડ વચ્ચે સેકટરોમાં

**પ્રથમ જુના સેકટરોમાં પ્રાજેકટનો અમલ કરવા પ્રોજેક્ટ સંદર્ભે ઉચ્ચ કક્ષાએ ચર્ચા વિચારણા : ૨૨૫ કી મી માં પાણીની નવી લાઇન નાંખવા ઉપરાંત ૫ સંપ અને ૩ નવી ટાંકી બનાવવાનુ આયોજન**

પાણીની પોકાર ઉઠતી રહે છે. ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ સેકટરોમાં ૨૪ કલાક પાણી પુરવઠો સપ્લાય કરવા માટે પ્રોજેકટ તૈયાર કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં શહેરમાં પ્રાયોગિક ધોરણે જુના

● અનુસંધાન પાન-૭ પર

# ધારીસણામાં વધુ ૧૭ ઝાડા-ઉલ્ટીના કેસ મળ્યા

## પંચાયત પ્રમુખના નેતૃત્વમાં પદાધિકારીઓની ટીમ અને રેપીડ રિસ્પોન્સ ટીમે પણ ધારીસણાની મુલાકાત લીધી : પરિસ્થિતિ ઝડપથી થાળે પડી જવાનો વિશ્વાસ વ્યક્ત કરતા સી.ડી.એચ.ઓ.

ગાંધીનગર, તા. ૧૨

દહેગામ તાલુકાના ધારીસણા ગામે ઝાડા-ઉલ્ટીના વધુ ૧૭ કેસ આજે મળી આવ્યા છે. આજે આ ગામની રેપિડ રિસ્પોન્સ ટીમે મુલાકાત લીધી હતી. આ



ઉપરાંત જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન ચૌધરી, જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન આશાબા રાઠોડ અને પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડે પણ કોંગ્રેસના આગેવાનો સાથે ધારીસણાની મુલાકાત લીધી હતી.

ધારીસણા ગામમાં પાણીજન્ય રોગચાળાની સ્થિતિથી આરોગ્યતંત્રમાં દોડધામ વધી જવા પામી છે એટલુ જ નહિ પણ આજે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ સંચારી રોગોની સમીક્ષા બેઠક પણ રદ કરાઈ હતી.

ધારીસણા ગામે આજે સવારે પણ નવા કેસો આવી રહ્યાનું જણાતાં તાત્કાલિક ગાંધીનગર મેડીકલ કોલેજમાંથી તજજ્ઞોની ટીમ તેડાવવાનો નિર્ણય આરોગ્યતંત્રએ લીધો હતો અને ટીમ તાબડતોબ ધારીસણા પહોંચી પરિસ્થિતિનો અભ્યાસ કર્યો હતો.

બીજી તરફ આજે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન ચૌધરી(પટેલ)ના નેતૃત્વમાં પંચાયતના પદાધિકારીઓ અને કોંગ્રેસના આગેવાનોની ટીમે પણ મુલાકાત લીધી હતી. ધારીસણામાં ઉભી થયેલી સ્થિતિ અંગે જિલ્લા પંચાયત પ્રમુખે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીને એક પત્ર લખી વિગતવાર અહેવાલ પણ આપ્યો હોવાની વિગતો બહાર આવી છે.

જિલ્લાના ધારીસણા ગામે છેલ્લા ચાર દિવસથી ઉભી થયેલ ઝાડા-ઉલ્ટીના રોગચાળામાં આજે વધુ ૧૭ કેસ નોંધાતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. તો દર્દીઓ પણ દવાની અસર નહિ થતી હોવાની ફરિયાદો સાથે પુનઃ આવી રહ્યા છે.

આજે પણ ગામમાં ટેન્કરથી જ પેયજળનો પુરવઠો આપવામાં આવ્યો હતો. જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. તુલશ્યાન પણ છેલ્લા ત્રણ દિવસથી ત્યાં ડેરા તંબુ તાણી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી અને દર્દીઓને અપાતી સારવારનું મોનીટરીંગ કરી રહ્યા છે.

આજે ગામની ટાંકી અને સંપની સ્વચ્છતાનું કાર્ય હાથ ધરવામાં આવ્યુ હતુ. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ જણાવ્યુ હતુ કે પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી રહી છે.

તેમણે જણાવ્યુ હતુ કે અમે પાણીના નમૂના મેળવી તેને બેક્ટોરોયોલોજી ટેસ્ટ માટે મોકલ્યા છે એટલુ જ નહિ ગામમાં ક્લોરીન ટેબ્લેટની સાથે ક્લોરીનેશન કરેલ પેયજળનો પુરવઠો આપવાનું ચાલુ કરાવ્યુ છે. હવે પરિસ્થિતિ ઝડપથી થાળે પડી જશે.

# દહેગામ તા.પં.ની પક્ષાંતર ધારા ભંગની ફરિયાદ અંશતઃ ગ્રાહ્ય રખાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાની દહેગામ તાલુકા પંચાયતમાં ૩ સભ્યો સામે કરાયેલી પક્ષાંતર ધારા ભંગની ફરિયાદમાં એક સભ્યને દોષિત ગણી અને સભ્યપદ માટે ગેરલાયક ઠેરવવામાં આવેલ છે

**તાલુકા પંચાયતના સભ્ય રંજનબેન બિહોલાને ગેરલાયક ઠેરવાયા જ્યારે બે સભ્યો બચી ગયા**

જ્યારે અન્ય બે સભ્યો સામે વ્હીપ મળ્યો હોવાનુ પુરવાર કરવામાં કોંગ્રેસ નિષ્ફળ જતાંનો લાભ આપવામાં આવ્યો છે.

નામોનિર્દિષ્ટ અધિકારીશ્રી દ્વારા આ ચુકાદો જાહેર કરાયો છે. જેમાં પક્ષાંતર ધારાની વિવાદ અરજીને અંશતઃ ગ્રાહ્ય રાખીને ગુજરાતનો પક્ષાંતર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવતી જોગવાઈ કરતો અધિનિયમ ધારા ૧૯૮૬ અને તે હેઠળ બનાવવામાં આવેલ નિયમોના નિયમ ૮ પ્રમાણે શ્રીમતિ રંજનબેન કેતનસિંહ બિહોલાને દહેગામ તાલુકા પંચાયતના સભ્ય તરીકે ગેરલાયક ઠરાવવા આ હુકમ કરાયો છે.

આ ચુકાદામાં નામોનિર્દિષ્ટ અધિકારીએ નોંધ્યુ છે કે ૧૧-૧૦-૧૭ અને ૧૩-૧૦-૧૭ની સામાન્ય સભા એમ બન્ને સભા અંગે કોંગ્રેસ પક્ષ તરફથી આપવામાં આવેલ આદેશ-વ્હીપ

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૫, ૨૯, ૨૭, ૮, ૯ અને ૬ તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી ૮૯ કેસ તાવના મળ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સે. ૨૫માંથી ૧૭ સે. ૨૯માંથી ૧૧ તેમજ આદિવાડા અને ગોકુલપુરામાંથી ૧૦-૧૦ તાવના કેસ સાથે ૮૯ તાવના દર્દીઓ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં મળી આવેલ છે.

શહેરી મેલેરિયા તંત્ર દ્વારા હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે વધુ ૨૩૨ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તાવના અત્યાર સુધીમાં ૨૨૦ થી વધુ કેસો મળી આવ્યા છે. જેમાં સે. ૨૫માંથી સૌથી વધુ કેસ તાવના સામે આવ્યા છે.

તંત્રની ટીમો દ્વારા શહેરોમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર બોરીજ, પાલજ, આદિવાડામાં પણ સર્વેલન્સ હાથ ધરાયુ હતુ. આ ત્રણ ગ્રામ્ય વિસ્તારમાંથી ૨૫ તાવના દર્દીઓ મળી આવ્યા છે.

શહેરના સેક્ટર-૨૭માંથી ૮, સે. ૮માંથી ૯ અને સે. ૬માંથી ૫ તાવના દર્દી મળ્યા છે.

તંત્રની ટીમો દ્વારા ૭૩૬૬ ઘરોમાં સર્વેલન્સ થયુ હતુ જેમાં ૧૫,૯૩૭ પાત્રોની ચકાસણી કરાઈ હતી. આ પૈકી ૨૩૨ પાત્રોમાં એડીસ મચ્છરના બ્રિડીંગ મળી આવ્યા હતા.

તંત્રની ટીમો દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્રની ટીમો દ્વારા ૮૦૦થી પણ વધુ સ્થાનોએ મચ્છરોના બ્રિડીંગ શોધી કાઢ્યા હતા અને ત્યાં પોરાનઆશક કામગીરી કરી સ્વચ્છતાની સાથે મચ્છરોની ઉત્પત્તિ કેવી રીતે અટકાવી શકાય તે વિશે લોકોને સમજૂત કરી જનજાગૃતિ પણ કેળવી હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com